# બિનઅનામત વર્ગો માટે રાજ્ય આયોગની રચના

## બિનઅનામત વર્ગના હિતોને ધ્યાનમાં લઇને સરકારનો નિર્ણય : બિનઅનામત વર્ગની વ્યક્તિ, પરિવારોની આર્થિક સ્થિતિનો અભ્યાસ કરાશે કલ્યાણકારી યોજના ઘડાશે : જાહેરનામાની સાથે આયોગ અમલી કરી દેવાશે

ગાંધીનગર, તા.૩

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની અધ્યક્ષતાવાળી મંત્રીમંડળની પેટા સમિતિની ગત તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ગાંધીનગર ખાતે પાટીદાર સમાજના આગેવાનો, ધાર્મિક સંસ્થાઓના વડાઓ અને યુવા અગ્રણીઓ સાથે બેઠક મળી હતી, જેમાં પાટીદાર અને અન્ય સમાજ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આપી હતી. પાટીદાર અને અન્ય સમાજ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે આપી હતી. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીએ આપેલ ખાતરીને મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમ જ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં બહાલી આપવામાં આવી હતી. આ નિર્ણય અન્વયે બિન અનામત વર્ગોની મુશ્કેલીઓ અને સમસ્યાઓ નિવારણ સંવેદનશીલ મુખ્ય મંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકારે બિન અનામત નિવારવા સંવેદનશીલ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકારે બિન અનામત વર્ગ માટેના રાજ્ય આયોગની રચનાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. જાહેરનામાની પ્રસિદ્ધિ સાથે જ આ આયોગ અમલમાં આવશે એમ ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું. રાજ્યની અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને રાજ્યના શૈક્ષણિક અને સામાજિક રીતે પછાત વર્ગો સિવાયની રાજ્યના બિન અનામત વર્ગો અને જાતિઓના કાયમી હિત અને કલ્યાણ માટેના આ લાભદાયી નિર્ણયની જાહેરાત કરતા ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું હતું કે આ કાયમી આયોગ બિન અનામત વર્ગોની વ્યક્તિઓ અને પરિવારોની આર્થિક સામાજિક સ્થિતિનો અભ્યાસ અને મોજણી કરશે અને તેમના વિકાસ માટે કલ્યાણકારી યોજનાઓ ઘડશે તથા તેના અમલ માટે રાજ્ય સરકારને ભલામણ કરશે. આ ઉપરાંત આ આયોગ રાજ્ય સરકારની અમલમાં હોય એવી કલ્યાણકારી યોજનાઓનો અભ્યાસ કરશે. આ યોજનાઓ બિન અનામત વર્ગોના હિતમાં કેવી રીતે લાગુ કરી શકાય તે માટે પણ ભલામણો કરશે. રાજ્ય સરકારના આ અત્યંત મહત્વના આયોગની કામગીરીની વિગતો આપતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અન્ય રાજ્યો અને કેન્દ્ર પ્રદેશોની કલ્યાણકારી નીતિઓનો અભ્યાસ કરીને આયોગ આવી નીતિઓ સ્વીકારવી કે કેમ તેની પણ ભલામણો કરશે. આયોગ બિન અનામત વર્ગોની પીડાઓ, મુશ્કેલીઓ અને સમસ્યાઓના સમાધાન માટે ભલામણો કરશે. ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે, આયોગ ભારતના બંધારણના રાજ્યનીતીના માર્ગદર્શન સિદ્ધાંતો અને અન્ય ભાગોમાં સમાવાયેલી બિન અનામત વર્ગો માટેની જોગવાઈઓના અમલ માટે પણ ભલામણો કરશે. આ આયોગને સરકારી વિભાગો, અર્ધ સરકારી સંસ્થાઓ, જાહેર સાહસો, સ્વાયત્ત સંસ્થાઓ પાસેથી પણ માહિતી મેળવવાનો અધિકાર-સત્તા રહેશે.

# પાટીદાર પરના પોલીસ કેસો પરત ખેંચવા નિર્ણય

## ગુજરાતના ગૃહ-કાયદા વિભાગના પરામર્શ બાદ બાકીના પોલીસ કેસો પરત ખેંચવા માટેની કાર્યવાહીને પૂર્ણ કરાશે

ગાંધીનગર, તા.૩

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની અધ્યક્ષતાવાળી મંત્રીમંડળની પેટા સમિતિની ગત તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ગાંધીનગર ખાતે પાટીદાર સમાજના આગેવાનો, ધાર્મિક સંસ્થાઓના વડાઓ અને યુવા અગ્રણીઓ સાથે બેઠક મળી હતી, પાટીદાર અને અન્ય સમાજ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આપી હતી. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીએ આપેલ ખાતરીને મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમ જ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં બહાલી આપવામાં આવી હતી.

પાટીદાર સમાજના પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ આવે તે હેતુથી સંવેદનશીલ અને નિર્ણાયક મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારે તાજેતરમાં પાટીદાર સમાજની ચાર મુખ્ય માગણીઓ સ્વીકારીને તેની ઉપર ત્વરિત અમલ કરવાનો પ્રારંભ કર્યો છે તેમ ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું. રાજ્ય સરકારે પાટીદાર સમુદાયની કેસો પરત ખેંચવાની માગણી પ્રત્યે હકારાત્મક વલણ અપનાવીને અનામત આંદોલન અને ત્યાર બાદ પાટીદાર સમુદાય સામે પોલીસ ઘર્ષણ દરમ્યાન રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનો ખાતે અગાઉ નોંધાયેલ ૨૯, ૨૬ અને ૫૪ એમ કુલ ૧૦૯ કેસો પરત ખેંચવાની સુચના સંબંધિતોને અનુક્રમે તા. ૧૨ ફેબ્રુઆરી તા. ૫ માર્ચ અને તા. ૩૦ જુલાઈ, ૨૦૧૬માં અપાઈ હોવાનું ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું હતું. તાજેતરમાં પાટીદાર સમુદાયની માગણીઓ સ્વીકારીને તેમના પ્રત્યે વધુ હાકારાત્મક અભિગમ અપનાવીને અનામત આંદોલન અને ત્યાર બાદ પાટીદાર સમુદાય સામે નોંધાયેલા રાજ્ય સરકારની સત્તામાં આવતા કેસો પરત ખેંચવાનો આજે રાજય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે તેમ ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલન તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૧૫ જીએમડીસી અમદાવાદ અને ત્યારબાદ રાજયભરના વિવિધ સ્થળોએ પોલીસ સાથે પાટીદાર સમુદાયના વિવિધ ઘર્ષણના બનાવો સંદર્ભે તેમની સામે રાજયના વિવિધ પોલીસ સ્ટેશનોમાં કાયદો અને વ્યવસ્થા સંદર્ભના વિવિધ કેસો નોંધાયા છે. પાટીદારોમાં પ્રવર્તી રહેલી નારાજગીને સરકાર હજુ ચિંતિત બનેલી છે. આવી સ્થિતિમાં હાલમાં બેઠકો પણ થઇ ચુકી છે.



## દેરોલ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયો

ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ ખાતે આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમા ગાંધી જયંતી નિમિત્તે સ્વચ્છતા એજ સેવા અભિયાન અંતર્ગત દેરોલ હાઈસ્કૂલ તેમજ ગામના મંદિર રોમા તાલુકા હેલ્થ અધિકારી આર. ડી. ગોસ્વામી તેમજ સ્ટાફ સાથે ગામજનો તેમજ સ્કૂલ સ્ટાફ દ્વારા સાફ સફાઈ કરી હતી તેમજ ચિત્ર સ્પર્ધાનુ આયોજન કરાયુ હતુ અને પ્રથમ ત્રણ આવનાર બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા.

## ધનસુરામાં નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૩

ધનસુરા પ્રદેશ સિ.સિ. ટ્રસ્ટ અને સત કેવલ આઈ હોસ્પિટલ સારસાના સહયોગથી ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કૂલના સાંસ્કૃતિક હોલમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં સારસાઆઈ હોસ્પિટલના નિષ્ણાત ડૉક્ટરોની ટીમ દ્વારા દર્દીઓની આંખો તપાસવામાં આવી હતી. ધનસુરા, આકરૂંદ, વડાગામ અને આસપાસના ૧૬૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. ૩૦ દર્દીઓને મોતીયા હોવાથી તેમના મફત ઓપરેશન સારસા ખાતે કરવામાં આવશે. કેમ્પને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ જે.સી. શાહના માર્ગદર્શન હેઠળ હોદ્દેદારોએ સેવા આપી હતી.

## ધનસુરા ગોકુલનાથજી મંદિરના હોદ્દેદારો

ધનસુરા ગોકુલનાથજી મંદિરના વહિવટકર્તા માટે સામાન્ય સભા મળતાં સર્વાનુમતે ૨ વર્ષ માટે હોદ્દેદારોની વરણી કરતાં પ્રમુખ તરીકે પિયુષભાઈ પી. શાહ, મંત્રી તરીકે પિયુષભાઈ કે. શાહ, અન્ય એક મંત્રી, ઉપપ્રમુખ, સહમંત્રી અને ટ્રસ્ટીઓ તરીકે રાજેન્દ્ર મહેતા, જે.વી. શાહ અને નવનીતભાઈ બી. શાહ, રજનીભાઈ શાહ, મનુભાઈ શાહની નિમણુંક કરેલ છે.

## હેલ્લો ફ્રેન્ડસ્ ● ૪ પાનાનું ચાલુ...

પ્રાર્થના કરવા લાગ્યા. લગભગ ત્રણેક પ્રાર્થના કરી, થાળીને પગે લાગીને એમને જમવાનું ચાલુ કર્યું. ડૉ. માર્કને આ જોઈ નવાઈ લાગી. એમણે એ ભાઈ કોઈ મુશ્કેલીમાં હોય એમ લાગ્યું. એમણે મકાન માલિકને પૂછ્યું, 'તમે શું પ્રાર્થના કરો છો ? અને શું તમને લાગે છે કે ભગવાનને તમારી પ્રાર્થના સંભળાતી હશે ?' ઘરના મકાન માલિક બોલ્યા, 'હું ઘણા સમયથી નિયમિત પ્રાર્થના કરું છું. આજ દિવસ સુધી તો એમણે મારી પ્રાર્થના સાંભળી નથી. પણ મને પ્રભુ પર અનન્ય ભરોસો છે. એ એક દિવસ મારી પ્રાર્થના જરૂર સાંભળશે એવી શ્રદ્ધા છે.'

ડૉ. માર્કે પુછ્યું, 'પણ તમે પ્રાર્થના શું કરતા હતા ?' ઘરના માલિકે ખૂણામાં રહેલી પથારી તરફ આંગળી ચિંધતા કહ્યું, 'મા મારો દીકરો ટોમ છે. એને કેન્સર છે અને એને એ પ્રકારનું ગંભીર કેન્સર છે જેની સારવાર માર્ક નામના કોઈ ડૉકટર જ કરી શકે એમ છે. એમની પાસે જવાના અને સારવાર કરવા જેટલા ડૉલર પણ મારી પાસે નથી. એટલે રોજ ભગવાનને પ્રાર્થના કરું છું એ એ કોઈ પ્રકારે મદદ કરે અને મારા દીકરાને રોગમુક્ત કરે.'

ડૉ. માર્કની તો આ વાત સાંભળતા જ આંખો પહોળી થઈ ગઈ. તેઓ કયાં જવા નીકળ્યા હતા અને કયાં પહોંચી ગયા? સવારથી બનેલી આખી ઘટના નજર સમક્ષ ફરી જતા તેઓ એટલું જ બોલી શક્યા. 'ખરેખર ભગવાન મહાન છે. અને હૃદયથી કરેલી પ્રાર્થનાનો પરચો આપે જ છે.'

મિત્રો, આપણા જીવનમાં બનતી તમામ ઘટનાઓ માત્ર અકસ્માત નથી હોતી, એ દરેક ઘટનામાં કુદરતની કોઈ કરામત અવશ્ય હોય છે. તમારા લાઈફમાં પણ આવો ચમત્કાર થયો જ હશે ને ? જયારે માનવું પડે કે ભગવાન કે કોઈ શક્તિ કામ કરે છે! ચૂંટલો : દરેક જીવનમાં કયારેક તો ચમત્કાર થતો જ હોય છે. ભગવાન કંઈ પિતાંબર - મુગટ પહેરીને આવે એવું નથી હોતું. તમને મદદરુપ થનારમાં ભગવાનને જોડો પડે અને એ ચમત્કાર સ્વીકારવો પડે. સાચા દિલથી કરેલી પ્રાર્થનાનો પરચો અવશ્ય મળે જ છે! પ્રાર્થના કરને મેં કયા હર્ઝ હે, નુકસાન તો નથી જ !

# ચૂંટણીમાં કોંગ્રેસ પાટીદારોને મુક્ત મને ટિકિટો આપશે

## રાજયસભાની ચૂંટણીમાં વફાદારી રાખનાર કોંગ્રેસના ૪૩ સભ્યોને રિપીટ કરાશે, કેટલાક સભ્યોની બેઠક બદલાશે

અમદાવાદ, તા.૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ગુજરાત કોંગ્રેસના નેતાઓએ દિલ્હીમાં ધામા નાંખ્યા છે. આજે દિલ્હીમાં સ્ક્રીનીંગ કમીટીની મહત્વની બેઠક મળી હતી, જેમાં રાજયસભાના સાંસદ એહમદ પટેલ, ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. બેઠકમાં ચૂંટણીલક્ષી મહત્વના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી અને કેટલાક અગત્યના નિર્ણયો પણ લેવાયા હતા. જે મુજબ, આગામી વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતમાં પાટીદાર ફેકટર બહુ મહત્વનું હોઈ કોંગ્રેસ પાટીદારોને મુકતમને ટિકિટ ફાળવે તેવું મનાય છે. કોંગ્રેસ દ્વારા ૪૦થી ૪૫ પાટીદાર ઉમેદવારોને ટિકિટ ફાળવણી થાય તેવો અંદાજ સેવાઈ રહ્યો છે. બીજીબાજુ, રાજયસભાની ચૂંટણી વખતે વફાદારી રાખનાર કોંગ્રેસના ૪૩ ધારાસભ્યોને રિપીટ કરવાનો નિર્ણય યથાવત રાખવામાં આવ્યો છે. જો કે, કેટલાક ધારાસભ્યોની બેઠક બદલાવાની શકયતા સેવાઈ રહી છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસમાં બેઠકોનો ધમધમાટ ચાલુ રહ્યો છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ ભરતસિંહ સોલંકી, મોહનસિંહ રાઠવા સહિતના નેતાઓ દિલ્હી પહોંચ્યા છે અને સ્ક્રીનીંગ કમીટીના અધ્યક્ષ બાલાસાહેબ થોરાટના વડપણ હેઠળ મળેલી બેઠકમાં ઉમેદવારોના નામોને લઈ મહત્વની ચર્ચા થઈ હતી. જેમાં અડધી વિધાનસભા બેઠકો પરના નામો લગભગ નક્કી કરી દેવાયા છે. જો કે, તેના નામો અધિકૃત રીતે જાહેર નહી કરાય અને ઉમેદવારોને ખાનગીમાં કહી દેવાશે કે જેથી તેઓ તેમના વિસ્તારમાં ચૂંટણીલક્ષી કામગીરી શરૂ કરી દે. ભાજપ સામે પડેલા પાટીદારોનું ફેકટર ગુજરાતની આ વખતની ચૂંટણીઓમાં બહુ મહત્વનું મનાઈ રહ્યું છે અને કોંગ્રેસ તેનો ફાયદો ઉઠાવવા માંગે છે અને તેથી જ આગામી ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા પાટીદારોના ૪૦થી ૪૫ ઉમેદવારોને ટિકિટની લ્હાણી કરાય તેવી શકયતા છે.

કોંગ્રેસ દ્વારા દરેક જિલ્લામાં એક મહિલાને ટિકિટ ફાળવવાનું પણ આયોજન છે કે જેથી મહિલા મતદારોને આકર્ષી શકાય. બેઠકમાં કોંગ્રેસપક્ષને થયેલા નુકસાનના ડેમેજ કંટ્રોલ માટે પણ ચોક્કસ જવાબદારી સ્થાનિક નેતાઓને સોંપવામાં આવી છે. જેમાં રાષ્ટ્રીય નેતાઓની ભૂમિકા પણ મદદગાર સાબિત થશે. તો ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પક્ષ વિરોધી કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ આચરનારને કોઈપણ સંજોગોમાં માફી નહી બક્ષાય તે પણ કોંગ્રેસ મોવડીમંડળે સાફ કરી દીધું છે અને તેથી બેઠકમાં તે મુદ્દે પણ સ્પષ્ટ તાકીદ કરી દેવાઈ હતી. ગુજરાતમાં રાહુલને લઈને કોંગ્રેસમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે.

## વિજય માલ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

માલ્યા બ્રિટનમાં જ રોકાયેલા છે. સીબીઆઈ અને ઈડીએ હાલમાં જ બ્રિટનની યાત્રા કરી હતી અને તપાસ સાથે સંબંધિત માહિતી ટોપના અધિકારીઓને આપી હતી. એસબીઆઈના નેતૃત્વમાં ૧૭ બેંકો પાસેથી લેવામાં આવેલી ૬૦૨૭ કરોડ રૂપિયાની લોન આ સંદર્ભમાં વિગત અપાઈ હતી. બંને તપાસ સંસ્થાઓ તેમની સામે ચાર્જશીટ દાખલ કરવાની તૈયારીમાં છે. વેસ્ટ મિનિસ્ટર કોર્ટમાં પુરાવા તરીકે આ ચાર્જશીટ રજૂ કરવાની હિલચાલ ચાલી રહી છે. ભારત અને બ્રિટન વચ્ચે પ્રત્યાર્પણ સમજૂતિ મુજબ માલ્યા માટે વિધિવતરીતે પ્રત્યાર્પણ માટે માંગ કરવામાં આવી ચુકી છે. બીજી બાજુ બ્રિટન સરકારના કાયદા ભારત કરતા અલગ હોવાથી વિજય માલ્યાને આનો લાભ મળી રહ્યો છે અને ભારતને પ્રત્યાર્પણ કરીને માલ્યાને ભારત લાવવામાં અડચણો ઉભી થઈ રહી છે. માલ્યાને લઈને કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો દ્વારા મોદી સરકાર ઉપર આક્ષેપોનો મારો પણ જારી રાખ્યો છે.

## હનીપ્રીત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતપોતાના દાવા કર્યા છે. પંજાબ પોલીસ હનીપ્રીતને પકડી લેવાની વાત કરી રહી છે. બીજી બાજુ હરિયાણા પોલીસે પણ કહ્યું છે કે, માત્ર પંજાબ પોલીસે મદદ કરી છે. ધરપકડ તેના દ્વારા કરાઈ છે. હરિયાણા પોલીસની સીટ દ્વારા

તેની ધરપકડ કરાઈ છે. પંચકુલાના પોલીસ કમિશનર એએસ ચાવલાએ માહિતી આપતા કહ્યું છે કે, આવતીકાલે હનીપ્રીતને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે. ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમિત રામ રહીમ પહેલાથી જ જેલ ભેગા થઈ ચુકયા છે. રામ રહીમને બળાત્કારના બે કેસોમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ ૨૫મી ઓગસ્ટના દિવસે પંજાબ અને હરિયાણાના જુદા જુદા ભાગોમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી જેમાં ૩૮થી વધુ લોકોના મોત થઈ ગયા હતા. વ્યાપક હિંસા થયા બાદ હનીપ્રીત ઉર્ફે પ્રિયંકા તનેજા ભુગર્ભમાં જતી રહી હતી. ત્યારબાદથી તે ફરાર હતી. પંચકુલાના ડીસીપી મનબીરસિંહે કહ્યું છે કે, તેને કસ્ટડીમાં લઈ લેવામાં આવી છે. તેને હિંસાના સંદર્ભમાં પુછપરછ માટે પંચકુલા લાવવામાં આવી છે. આવતીકાલે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. તેની સાથે રહેલી અન્ય એક મહિલાની પણ ધરપકડ કરી લેવામાં આવી છે. ગયા સપ્તાહમાં જ દિલ્હી હાઈકોર્ટે તેના આગોતરા જમીન અરજીની દલીલને ફગાવી ચુકી છે. અગાઉ એવા અહેવાલ પણ આવ્યા હતા કે, રામ રહીમને સજા કરવામાં આવ્યા બાદ હનીપ્રીત નેપાળ ફરાર થઈ ગઈ હતી. જો કે, આજે તેની ધરપકડ કરી લેવાતા આ સંદર્ભમાં ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. ૩૮ દિવસ સુધી ફરાર રહ્યા બાદ હનીપ્રીત અગાઉ મિડિયામાં ઈન્ટરવ્યુ આપતી નજરે પડી હતી. સમાચાર ચેનલો ઉપર નજરે પડ્યા બાદ એમ માનવામાં આવી રહ્યું હતું કે, હનીપ્રીત કોર્ટમાં શરણાગતિ સ્વીકારી લેશે. જો કે, પોલીસે કહ્યું છે કે, હનીપ્રીતે શરણાગતિ સ્વીકારી નથી. તેની ધરપકડ કરી લેવામાં આવી છે. ભાજપે આક્ષેપ કર્યો છે કે, પંજાબ સરકાર આ મામલામાં રાજનીતિ રમી રહી છે.

# પાટીદાર સાથે ઘર્ષણ મામલે તપાસ પંચની રચના કરાઈ

## પોલીસ ઘર્ષણના બનાવોની ન્યાયિક તપાસ થશે : હાઈકોર્ટના નિવૃત્ત જજના વડપણ હેઠળ તપાસ પંચની રચના કરાઈ છે : પ્રદિપસિંહ જાડેજા દ્વારા જાહેરાત કરાઈ

ગાંધીનગર, તા.૩

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની અધ્યક્ષતાવાળી પેટા સમિતિની ગત તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ ગાંધીનગર ખાતે પાટીદાર સમાજના આગેવાનો, ધાર્મિક સંસ્થાઓના વડાઓ અને જીએમડીસી ગ્રાઉન્ડ, અમદાવાદ અને ત્યારબાદ રાજયભરના વિવિધ શહેરો અને સ્થળોએ થયેલ પોલીસ બળ પ્રયોગ તેમજ પોલીસ સાથેના ઘર્ષણના બનાવો સહિત અન્ય ઘટનાઓની ન્યાયિક અને ઝડપી તપાસ થાય તે હેતુથી રાજ્ય સરકારે હાઈકોર્ટના નિવૃત



યુવા અગ્રણીઓ સાથે બેઠક મળી હતી, જેમાં પાટીદાર અને અન્ય સમાજ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલએ આપી હતી. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીએ આપેલ ખાતરીને મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં બહાલી આપવામાં આવી હતી. આ અન્વયે, પાટીદાર સમાજના પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ આવે તે હેતુથી સંવેદનશીલ અને નિર્ણાયક મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારે તાજેતરમાં પાટીદાર સમાજની ચાર મુખ્ય માગણીઓ સ્વીકારીને તેની ઉપર ત્વરિત અમલ કરવાનો પ્રારંભ કર્યો છે. આ માગણીઓ સંદર્ભે પાટીદાર અનામત આંદોલન દરમિયાન પાટીદાર સમુદાય ઉપર તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ જજ કે એ પુજના વડપણ હેઠળ એક તપાસ પંચની રચના કરી છે, તેમ ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આજે જણાવ્યું હતું. મંત્રીએ વધુમાં કહ્યું હતુ કે, પાટીદાર સમાજની માગણીઓ મુજબ પાટીદાર સમુદાયના યુવાનો તેમજ અગ્રણીઓ ઉપર પોલીસ બળપ્રયોગ, પોલીસ સાથેના ઘર્ષણના બનાવો જેવી બાબતોની ન્યાયિક તપાસ થાય અને દોષિતો ઉપર ઝડપી કાર્યવાહી થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ત્વરિત આ તપાસ પંચની રચના કરવામાં આવી છે. આ તપાસ પંચમાં હાઈકોર્ટના નિવૃત જજ કે એ પુજ ચેરપર્સન તેમજ નિવૃત જિલ્લા ન્યાયાધીશ મહેન્દ્ર એચ શાહ સભ્ય તરીકે રહેશે. તપાસપંચનું મુખ્ય મથક ગાંધીનગર રહેશે, તેમ પણ મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉમેર્યું હતું.

## સ્ત્રી જન્મદર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિગતોમાં જણાવાયા મુજબ જિલ્લાની તમામ મતદારયાદી ફોટા સાથે તૈયાર કરવામાં આવી છે તેમજ દરેક મતદાર પાસે ઓળખપત્ર પણ છે. જિલ્લામાં એક પણ સર્વીસ વૉટર નથી તેમ આ આંકડાઓની વિગતોમાં દર્શાવવામાં આવ્યું છે. જિલ્લામાં ૧૮૯ બુથ નવા બનાવવામાં આવ્યા છે. તેમજ આ બુથો માટે ૧૩૩૯ બુથ લેવલ ઓફિસરો નીમવામાં આવેલ છે. જિલ્લામાં મતદાન મથકોના સુપરવીઝન માટે ૧૩૮ સેક્ટરલ સુપરવાઈઝરો કામ કરશે.

## માર્ગ સુધારણા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેટલાક વિસ્તારમાં આંતરિક માર્ગની સુધારણાની કામગીરી પુર્વે પેચવર્કનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે પેચવર્કની કામગીરીના અંતે માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે. નવા સેકટરોમાં માર્ગોની હાલત વિશેષ ખરાબ છે. જેમાં સે-૩ થી ૫ માં કેટલાક ઠેકાણે માર્ગોનુ અસ્તિત્વ જ ભુંસાઈ ગયુ હોય તેવી સ્થિતિ છે. છેલ્લા ઘણાં સમયથી માર્ગો પર મોટામસ ખાડાઓ અસ્તિત્વમાં આવતા સેકટરોમાં માર્ગ સલામતી જોખમાઈ છે. રોજબરોજ નાના મોટા અકસ્માતો થાય છે. ત્યારે સુત્રોના જણાંવ્યા મુજબ તબક્કાવાર માર્ગોની સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાશે. શહેરના તમામ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે. જયારે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સેકટરોમાં માર્ગોને ટનાટન બનાવાનુ કામ આગામી બે મહીનામાં પુર્ણ કરી દેવાશે.

## વોલ બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તબક્કાવાર દિવાલ બનાવવાનુ આયોજન કરવામાં આવે છે. વાસણ ગામમાં પણ ચહેર માતા તેમજ અંબાજી મંદિર ખાતે આ પ્રકારની સંરક્ષણ દિવાલ બનાવવા માટે તંત્ર દ્વારા આયોજન કરી દેવાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૭૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ ઉપરાંત પાલજમાં પણ રબારી વાસ નજીકનુ નાળુ પહોળુ તેમજ મોટુ કરવાનુ કામ હાથ ધરાશે. હાલ આ નાળુ જુનુ હોવાના લીધે જર્જિરત હાલતમાં છે. જેના લીધે નાળામાં વરસાદી પાણીનો ભરાવો થાય છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ નાળુ પહોળુ કરવાનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ રૂ ૪૫ લાખનો ખર્ચ કરવામાં આવશે. બન્ને કામોને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. જેના અંતે કામ શરૂ કરાશે. વધુમાં શહેર નજીક સ્થિત ઈન્દ્રોડા ગામમાં પણ આ પ્રકારે ઈન્દ્રાણી મંદિરને અનુલક્ષી નવી વોલ બનાવાશે. જો કે આ કામગીરીને અનુલક્ષી તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. જયારે દરખાસ્તને મંજુરી મળી ગયા બાદ આગળ કાર્યવાહી હાથ ધરાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

## હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"જુઓ સાહેબ..! પ્રજા પાંચ વર્ષ સુધી દરેક શાસકનો અનુભવ કરતી હોય છે..! પ્રજાના મનમાંથી જો ઉતરી જાય, તો પછી એનુ થાગડથીગડ કોઈ કરી શકતુ નથી..!! માત્ર તમારી વાત નથી કરતો... બધાની વાત કરૂ છું..! તમામ શાસકો પ્રજાને કેન્દ્રમાં રાખી... જ્યાં સુધી કાર્યરત રહેશે ત્યાં સુધી કોઈને ઉની આંચ નથી આવતી..!! પરંતુ જે દિવસે પ્રજાની આંખમાંથી ઉતરી જશે એ દિવસે તેને કોઈ લોભ કે લાલચો બચાવી શકશે નહિ..! આજ લોકશાહીનું સત્ય છે... અને આજ લોકશાહીનું મૂલ્ય છે."

- નિમિત્ત માત્ર

## રણશિંગુ ફૂક્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. ભાજપ સરકાર આવ્યા બાદ અટવાઈ પડેલા પ્રોજેક્ટો પૂર્ણ થઈ રહ્યા છે. હવે લોકોને ઘર બનાવવા માટે સસ્તી કિંમતમાં ચીજવસ્તુઓ ઉપલબ્ધ થઈ રહી છે. કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, સમગ્ર પાર્ટી જામીન ઉપર ચાલી રહી છે. કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે એમ પણ કહ્યું હતું કે, થોડાક દિવસ પહેલા કોંગ્રેસના કેટલાક મિત્રો તેમની પાસે આવ્યા હતા અને પુછી રહ્યા હતા કે, હિમાચલના મુખ્યમંત્રી જામીન ઉપર બહાર છે. તેમને દૂર કરીને કોઈ નવા મુખ્યમંત્રીને બનાવી દેવામાં આવે તે જરૂરી છે. ત્યારે કોંગ્રેસી મિત્રોએ કહ્યું હતું કે, અમારી સમગ્ર પાર્ટી જામીન ઉપર ચાલી રહી છે. પીએમે એમપણ કહ્યું હતું કે, હિમાચલમાં પ્રજાને જામીન સરકારથી હવે મુક્તિ મળે તે જરૂરી છે. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે, આજે અહીં ૧૫૦૦ કરોડ રૂપિયાના કામોને મંજુરી મળી છે. કેટલાક શિલાન્યાસ થયા છે. કેટલાક લોકાર્પણ થયા છે. ૧૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે એમ્સ બનનાર છે. આનાથી તમામ લોકોને ફાયદો થશે.

## કેમ્પ પર હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૮૨મી બટાલિયનને ટાર્ગેટ બનાવીને હુમલો કર્યો હતો. ત્રાસવાદી કેમ્પસની અંદર સ્થિત એક ઈમારતમાં ત્રાસવાદીઓ ઘુસી ગયા હતા. કલાકો સુધી ચાલેલા આ ઓપરેશનમાં ત્રણેય ત્રાસવાદીઓ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ સર્ચ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આભીષણ ત્રાસવાદી હુમલાની જવાબદારી જેશે મોહમ્મદે સ્વીકારી લીધી છે. આ હુમલામાં ત્રણ જવાનો પણ ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા જવાનોને સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એમ કહેવામાં આવે છે કે સવારે ૪.૩૦ વાગ્યાની આસપાસ ત્રાસવાદીઓ ગોળીબાર કરતા કરતા બીએસએફ કેમ્પમાં ઘુસી ગયા હતા. જેથી સેનાના જવાનો અને સુરક્ષા દળોએ તરત જ મોરચા સંભાળી લીધા હતા.